# ન્યુ ગાંધીનગરમાં અને સેકટરોમાં પેટ્રોલીંગનો ધમધમાટ







ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરની સોસાયટીઓ, સેકટરના આંતરીક માર્ગો અને ન્યુ શહેરી વિસ્તારમાં પોલીસ તંત્ર દ્વારા સતત પેટ્રોલીંગ કરવામાં આવી રહ્યું છે. લોકડાઉનમાં હવે નાગરીકો ઘરમાં રહેવા માટે ટેવાઈ ગયા છે. જીવન જરુરી ચીજવસ્તુઓ લેવા માટે જ ઘરની બહાર નીકળે છે. તે પણ તંત્ર દ્વારા નિયત કરેલા સમય મુજબ વસ્તુઓ લઈને પરત ફરે છે. ત્યારે પોલીસ તંત્ર દ્વારા હવે ગામડાઓમાં પણ લોકડાઉનની અમલવારી કડક રીતે થાય તે માટે કાર્યવાહી શરુ કરી છે. જેમાં ગ્રામ્ય વિસ્તારના નાગરીકોને સમજાવવામાં આવે છે કે ચીજવસ્તુઓ લેવા માટે જાવ ત્યારે સોશિયલ ડિસ્ટન્સ રાખવુ, તેમજ સવારે દુધની ડેરી ખાતે દુધ ભરાવા માટે જાવ ત્યારે પણ ત્રણ ફુટ દુર ઉભા રહો. શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં સતત પોલીસનું પેટ્રોલીંગ જોવા મળી રહ્યુ છે.

વિશ્વમાં કોરોનાનો કહેર જોવા મળી રહ્યો છે. કોરોનાને પગલે ભારતભરમાં લોકડાઉન જાહેર કરાયુ છે. ત્યારે લોકડાઉન વચ્ચે હજુ પણ કેટલાક નાગરીકો કામ વિના આંટાફેરા મારવા માટે ઘરની બહાર નીકળે છે અને લોકડાઉનનું ઉલ્લંઘન કરે છે તેવા નાગરીકો સામે પોલીસ તંત્ર જાહેરનામા ભંગની ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી રહી છે. ત્યારે શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં પોલીસના રાઉન્ડ ધ કલોક પેટ્રોલીંગને પગલે નાગરીકો ઘરમાં જ પુરાઈ રહેવાનું જ સલામત માની રહ્યા છે.

## ખૂણેખાંચરેથી

- જે જિલ્લા, તાલુકા કે ગ્રામ પંચાયતોએ તેમના બજેટ ૩૧મી માર્ચ પહેલાં મંજૂર કરવા પડે પણ લોકડાઉનની સ્થિતિમાં બેઠક થઈ નથી તેમને હવે રાજ્ય સરકાર દ્વારા નવી તારીખ આપવામાં આવશે જેમાં બજેટ પસાર કરવાનું રહેશે.
- ગાંધીનગર શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રેશનીંગ દુકાનો પરથી અગ્રતા ધરાવતા કુટુંબો, બી.પી.એલ. અને એ.પી.એલ. પરિવારોને અનાજ વિતરણ ચાલુ રહ્યુ છે.
- અન્ન બ્રહ્મ યોજના અંતર્ગત રેશનીંગની કીટ ૪થી એપ્રિલ ૨૦૨૦ પછી વિતરણ કરવાની હોઈ તંત્ર દ્વારા કવાયત હાથ ધરાઈ છે.
- સિવિલ હોસ્પિટલને કોવિડ હોસ્પિટલમાં તબદીલ કરવાની કવાયત વેગીલી બની છે.
- નારદીપુરના લંબેનારાયણ આશ્રમના મહંત વિવેકાનંદજી દ્વારા કોરોનાનો પરાજય થાય તે માટે રોજ યજ્ઞ કરી આહુતિ આપે છે.
- રામનવમી એ ભગવાન રામના જન્મની ઉજવણી શહેર અને જિલ્લામાં લોકોએ ઘરમાં રહી કરી હતી.

## નાણાંકીય વ્યવહારો માટે મુખ્ય પોસ્ટ ઓફિસો ખુલ્લી રહેશે

કોરોના વાયરસ મહામારીને પગલે ગાંધીનગર પોસ્ટલ ડિવિઝન દ્વારા પરિસ્થિતિને જોતાં નાણાંકીય વ્યવહારો માટે ડિવિઝન સંલગ્ન કેટલિક પોસ્ટ ઓફિસો ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્ય છે. જેમાં ગાંધીનગર હેડ પોસ્ટ ઓફિસ, કલોલ હેડ પોસ્ટ ઓફિસ, ધોળકા, ધંધુકા, વિરમગામ, માણસા, સાણંદ અને દહેગામ પોસ્ટ ઓફિસોનો સમાવેશ થાય છે.

# દૂધ ઉત્પાદકો, પશુપાલકો અને શ્રમિકના હિતમાં ઘણા નિર્ણયો

**ઉત્પાદક, પશુપાલક પ્રાથમિક સહકારી મંડળીમાં દૂધ ભરાવી શકશે : દિવ્યાંગ, નિરાધાર, ગંગાસ્વરુપા માતા-બહેનો સહિત આશરે ૧૩.૬૬ લાખ લાભાર્થીઓને એપ્રિલ માસમાં એડવાન્સ પેન્શનની રકમ સીધી બેંકમાં જમા**

ગાંધીનગર,તા.૨

ગુજરાતમાં લોકડાઉનની સ્થિતિ વચ્ચે એક પછી એક લોકલક્ષી નિર્ણયો કરવામાં આવી રહ્યા છે. આજે પણ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા હતા જેના ભાગરુપે દૂધ મંડળીના સભાસદ ન હોય તેવા નાના પશુપાલકો દૂધ ઉત્પાદકો પ્રાથમિક દૂધ સહકારી મંડળીમાં દૂધ ભરાવી શકશે. અન્ય કેટલાક નિર્ણયો પણ આજે લેવાયા હતા. વિશ્વવ્યાપી કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા દેશભરમાં જાહેર થયેલા લોકડાઉનને પગલે ગુજરાતમાં પણ લોકડાઉનનો ચુસ્ત અમલ થઈ રહ્યો છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ લોકડાઉનના સમયગાળા દરમિયાન રાજ્યના ગ્રામીણ ક્ષેત્રના નાના દૂધ ઉત્પાદકો-પશુપાલકો તેમજ ખાનગી ઉદ્યગો-ધંધા વ્યવસાયમાં કાર્યરત કર્મચારીઓને આર્થિક આધાર આપતા મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે. મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમરો આ નિર્ણયોની ભૂમિકા પ્રચાર માધ્યમો સમક્ષ આપી હતી. તેમણે આ સંદર્ભમાં કહ્યું કે, રાજ્યમાં પ્રવર્તમાન લોકડાઉનની સ્થિતિમાં ગ્રામીણ વિસતારોના નાના દૂધ ઉત્પાદકો-પશુપાલકો જેઓ કોઈ દૂધ મંડળના સભાસદો નથી તેઓ દૂધનું વિતરણ સ્થાનિક રીતે કરી શકતા નથી અને દૂધ બગડી જવાથી તેમને આર્થિક નુકસાન વેઠવા વારો આવે છે. વિજય રૂપાણીએ આવા નાના પશુપાલકો-દૂધ ઉત્પાદકોને આર્થિક નુકસાનથી રાહત આપવા તેમના વિશાળ હિતમાં એવો નિર્ણય કર્યો છે કે આવા નાના દૂધ ઉત્પાદકો જો કોઈ દૂધ મંડળીના સભાસદ ન હોય તો પણ હાલની સ્થિતિમાં તેઓ પોતાનું દૂધ પ્રાથમિક દૂધ સહકારી મંડળીમાં ભરાવી શકશે.





ગાંધીનગર શહેરમાં આજે શહેર કોંગ્રેસ અને ચૂંટાયેલી પાંખના આગેવાનોની ટીમે વિવિધ સેક્ટરોમાં ફરી માસ્કનું વિતરણ કર્યુ હતુ. આ ઉપરાંત ટીમે સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનોએથી થતા અનાજના વિતરણની વ્યવસ્થા પણ નિહાળી હતી. કાર્ડ વગરના શ્રમજીવી પરિવારોને પણ અનાજ વિતરણમાં સાંકળી લેવા જોઈએ તેવી રજુઆત મળી હતી પરંતુ ૪ થી પછી અન્ન બ્રહ્મ યોજના અંતર્ગત આવા પરિવારોને પણ આવરી લેવામાં આવશે તેવી હૈયાધારણ આ ટીમે આપી હતી.

# ચોથીથી અન્નબ્રહ્મ યોજનામાં અત્યંત ગરીબોને સુવિધાઓ

**અન્ય પ્રાંતોમાંથી ગુજરાતમાં રોજીરોટી માટે આવેલા લોકો અને અત્યંત ગરીબ નિરાધારોને રેશનિંગ કાર્ડ વગર અનાજ**

ગુજરાતમાં લોકડાઉનના આજે નવમાં દિવસે જુદી જુદી ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સંદર્ભમાં દરરોજની જેમ આજે પણ મુખ્યમંત્રી વિજય રૂપાણીના સચિવ અશ્વિની કુમારે વિવિધ કામગીરીના સંદર્ભમાં પત્રકારોને માહિતી આપી હતી. લોકોને જીવનજરૂરી ચીજવસ્તુઓના સંદર્ભમાં ઉપયોગી માહિતી પુરી પાડીને જણાવવામાં આવ્યું હતું કે, લોકડાઉનમાં લોકોને કોઈ તકલીફ ન પડે તે માટે સરકાર સંવેદનશીલ રહીને આગળ વધી રહી છે. સસ્તા અનાજની દુકાન પરથી અનાજ અપાઈ રહ્યું છે. ચોથી એપ્રિલથી અન્નબ્રહ્મ યોજના હેઠળ આવા જ અનાજનો જથ્થો અત્યંત ગરીબ, નિરાધાર અને કુટુંબ વિહોણા છે તથા અન્ય પ્રાંતમાં આવેલા લોકોને અનાજ મળી શકશે.

આ અંગે શ્રી અશ્વિનીકુમારે જણાવ્યું કે, રાજ્યભરમાં ગુરૂવારે ૪૭.૪૨ લાખ લિટર દુધનું વિતરણ થયું છે. ૮૨૯૫૭ કવીન્ટલ શાકભાજીની આવક થઈ છે તેમાં બટાટા ૧૯૬૧૪ કવીન્ટલ, ડુંગળી ૨૨૮૪૬ કવીન્ટલ, ટામેટા ૭૨૭૦ કવીન્ટલ અને અન્ય લીલા શાકભાજી ૩૩૨૨૪ કવીન્ટલ છે. ફળફળાદિની ૧૩૬૦૨ કવીન્ટલની આવકમાં સફરજન ૪૭૫ કવીન્ટલ, કેળાં ૬૪૭ કવીન્ટલ અને અન્ય ફળો ૧૨૪૮૦ કવીન્ટલ જેટલા છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, લોકડાઉનના સમયગાળા દરમિયાન નાગરિકો-પ્રજાજનોને જીવન આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો નિયમીત મળે તેવી સુદ્રઢ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે.



## કોરોના સામે લડાઈમાં શ્વેતાંબર જૈન સંઘે ૧૦૮૦૦૦નું દાન

કોરોના સામેની લડાઈમાં સૌ કોઈ પોતાનું યોગદાન તન-મન-ધનથી આપી રહ્યું છે. શહેરના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા મુખ્યમંત્રી રાહતનિધિ ફંડમાં રૂ. ૧,૦૮,૦૦૦નું દાન આપવામાં આવ્યું છે. જે સંદર્ભનો ચેક જિલ્લાના નિવાસી અધિક કલેક્ટર એચ.એમ. જાડેજાને જૈન સંઘના હોદ્દેદારો દ્વારા સુપરત કરવામાં આવ્યો હતો.

# શહેરમાં જરૂરિયાતમંદોને મદદરૂપ થવાના સેવાકાર્યમાં સંઘનું યોગદાન

ગાંધીનગર, તા. ૨

દેશમાં જ્યારે પણ કટોકટી કે આપત્તિ સમય આવે છે ત્યારે ત્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ હંમેશા સેવા આપવામાં અગ્રેસર હોય છે. અત્યારે દેશમાં ચાલી રહેલી કોરોના મહામારીના સંક્રમણના જોખમના સમયમાં પણ આરએસએસના સ્વયંસેવકો જરૂરિયાતમંદોને મદદરૂપ થવાની ફરજ નિભાવી રહ્યાં છે. આજે સંઘના સ્વયંસેવકો દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ઝુંપડપટ્ટીમાં રહેતા જરૂરિયાતમંદોને અનાજ-શાકભાજી અને તેલની ૭૫ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ગાંધીનગર શહેર એકમ દ્વારા ચાલી રહેલ સેવાકાર્યમાં આજે શહેરના સેક્ટર-૬, સેક્ટર-૭, સેક્ટર-૧૧ અને સેક્ટર-૩ના ઝુંપડપટ્ટી વિસ્તારમાં રહેતા જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારોને દાળ, ચોખા, ઘઉંનો લોટ, બટાકા-ડુંગળી તથા તેલ સહિતની જીવનજરૂરી ચીજવસ્તુઓની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં શહેરના શાખા કાર્યવાહક ભરતસિંહ ડાભી, પ્રચાર-પ્રસાર ટીમના વિપિનભાઈ પંડ્યા તથા દીપ ભરતભાઈ પટેલ સહિતના સ્વયંસેવકો જોડાયાં હતા.

## ફિરોજપુરમાંથી બે જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર, તા. ૨

લોકડાઉન વચ્ચે ડભોડા પોલીસે પેટ્રોલીંગ દરમિયાન ફિરોજપુર ગામ તેમજ ગીફટસીટી તરફ જતા માર્ગ પર ચરામાં બાવળની ઝાડીઓમાં જુગાર રમતા બે ઈસમોને પકડી પાડ્યા છે. પોલીસે પકડેલા જુગારીઓમાં ફિરોજપુર ગામના જોગણીવાળા વાસમાં રહેતા શંભુજી મફાજી જાદવ (ઉં.૪૨)તેમજ મફાજી રામાજી જાદવ (ઉં.૫૬) હોવાનું ધ્યાને આવ્યું હતું. ડભોડા પોલીસે દાવ પરથી અને અંગજડતી દરમિયાન કુલ રૂ.૧ હજાર રૂપીયા જપ્ત કરીને બંન્ને સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પ્રાંતિયા-કોલવડા ખાતેથી દારુ પીધેલા બે ઝડપાયા

ગાંધીનગર, તા. ૨

કોરોનાની વૈશ્વિક મહામારી અને લોકડાઉનની પરિસ્થિતિ વચ્ચે પેથાપુર અને ડભોડા પોલીસે બે દારુ પીધેલી વ્યકિતઓને પકડી પાડી છે. પ્રાંતિયા બુટાકીયા માર્ગ પર રીક્ષા નં. જી.જે.૦૧.ટી.ઈ-૧૮૬૪ ઝડપી પાડી હતી. રીક્ષા લઈને નીકળેલ વ્યકિત શંભુજી શનાજી ઠાકોર (ઉં.૨૮બાવીસીયા વાસ પ્રાંતિયા),ને પીધેલી હાલતમાં પોલીસે પકડી પાડ્યો હતો.

પોલીસે રીક્ષા માલિકી અંગેના કાગળો માંગતા તે રજુ કરી શક્યો ન હતો. જેથી પોલીસે ૩૦ હજારની કિંમતની રીક્ષા જપ્ત કરીને તેની સામે મોટર વ્હીકલ એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. તો બીજીતરફ પેથાપુર પોલીસે કોલવડા ગામે જી.જે.૧૮.ટી.સી.-૧૨ નંબરના એકટીવા પર જતા એક શખ્સને ઝડપી પાડ્યો હતો. કોલવડા ગામનો એકટીવા ચાલક શૈલેન્દ્રસિંહ બહાદુરસિંહ વાઘેલા (ઉં.૪૨ ચાંમુડાપુરા)દારુ પીધેલી હાલતમાં હોવાથી પોલીસે તેની સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આપણે સુરક્ષિત તો રાષ્ટ્ર સુરક્ષિત
સત્યમેવ જયતે ગુજરાત સરકાર

બે દિવસમાં ૨૦ લાખથી વધુ NFSA રેશનકાર્ડ ધારકોને વિનામૂલ્યે અન્ન વિતરણ





"અન્નબ્રહ્મ યોજના" હેઠળ પાત્રતા ધરાવતા કુટુંબોને ૪થી એપ્રિલથી વિનામૂલ્યે અન્ન વિતરણ

ગુજરાત સરકારનું સંવેદનશીલ પગલું

- "અન્નબ્રહ્મ યોજના" હેઠળ અત્યંત ગરીબ અને નિરાધાર તેમજ ગુજરાતમાં રોજી-રોટી કમાવવા માટે આવ્યા છે અને રેશનકાર્ડ ધરાવતા નથી તેવા પરપ્રાંતિય નિરાધાર કુટુંબોને પણ ૪થી એપ્રિલથી વિનામૂલ્યે અન્ન વિતરણ

NFSA ના દરેક લાભાર્થીને વિનામૂલ્યે અન્ન વિતરણ

- અંત્યોદય અન્ન યોજના (AAY)ના આશરે ૮ લાખ લાભાર્થીઓને કાર્ડ દીઠ ૨૫ કિ.ગ્રા. ઘઉં તથા ૧૦ કિ.ગ્રા. ચોખા
- અગ્રતા ધરાવતા (PHH) આશરે ૫૮ લાખ કુટુંબોને પ્રતિ વ્યક્તિ ૩.૫ કિ.ગ્રા. ઘઉં તથા ૧.૫ કિ.ગ્રા. ચોખા
- રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા (NFSA) હેઠળના ઉપર મુજબના તમામ ૬૬ લાખ લાભાર્થીઓને કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. દાળ
- ઉપર મુજબના લાભાર્થીઓને કાર્ડ દીઠ ખાંડ અને મીઠું પણ વિનામૂલ્યે મળશે
- લાભાર્થીઓએ મળવાપાત્ર જથ્થા તેમજ જાહેર વિતરણ વ્યવસ્થા અંગે જો કોઈ ફરિયાદ હોય તો જિલ્લા કક્ષાના ટોલ ફ્રી નંબર : ૧૦૭૭ ઉપર સંપર્ક કરવો

સસ્તા અનાજની દુકાનો પરથી અનાજ સામગ્રી લેતી વખતે સોશ્યલ ડિસ્ટન્સીંગનું ખાસ પાલન કરીએ - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય